## || ॐ શ્રી સાઈરામ ||

## || ॐ  શ્રી સાઈ સુંદરરૂપાય નમ: || (૭૯)

## જેમનું રૂપ અત્યંત સુંદર છે, એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

૨૩ નવેમ્બર ૧૯૨૬ ના રોજ પ્રાત: કાળે ' મંગલવાદ્યોના ધ્વનિ ' માં પ્રત્યક્ષ પરમેશ્વરે આંધ્રપ્રદેશના પુટ્ટપતિ નામના નાનકડા ગામમાં જન્મ લીધો. ઘંઉવર્ણી સતેજ કાંતિ, વાંકડિયા વાળ (કર્લિ હેર) કોઈની નજર ન લાગે એટલા માટે જાણે જન્મતા જ ગાલ પર તલ લઈને આવેલા બાળકનું આવું સુંદર રૂપ જોઈને માતા ઈશ્વરમ્મા, દાદી લક્ષ્મમ્મા, પડોશની સ્ત્રી સુબમ્માંને ખૂબ જ આનંદ થયો.

શ્રી સત્યનારાયણ વ્રતની સમાપ્તિ પછી જન્મ થયો એટલે બાળકનું નામ રાખ્યું સત્યનારાયણ. બધા લોકો લાડથી તે બાળકને ' સત્યા ' કહીને બોલાવવા લાગ્યા. બાળ સત્યા દિવસે દિવસે શુક્લ પક્ષનાં ચંદ્રની જેમ મોટો થવા લાગ્યો,ઘૂંટણિયા ભરવા લાગ્યો. તેનું આ રૂપ જોતા માતા ઈશ્વરમ્માને ગોકુળના શ્રીકૃષ્ણની યાદ આવતી. થોડોક મોટો થયા પછી આ બાળક પોતે જ પોતાના કપાળ પર વિભૂતિનો આડો પટ્ટો દોરવા લાગ્યો અને તેમાં કંકુનો ચાંદલો કરવા માટે મોટી બહેન પાસે જીદ કરતો અને પોતાની જીદ પૂરી કરાવી લેતો. તેનું આ રૂપ બધાને મોહિત કરતું.

છ સાત વર્ષ થયા પછી, દાદાજી કોડમ રાજુનો આ લાડકો ' સત્યા' તેમની નાટક કંપની માં પણ કામ કરવા લાગ્યો. આ બાળકનું સુંદર રૂપ, મધુર વાણી, નૃત્ય કૌશલ્ય જોઈને પ્રત્યક્ષ પ્રભુ રામ, કૃષ્ણ ફરી અવતર્યા છે એવું પ્રેક્ષકોને લાગતું. આ જોઈને જ એકવાર શાળાની મદદ માટે જ્યારે કાર્યક્રમ કરવાનું નક્કી થયું ત્યારે તે વખતની સુપ્રસિધ્ધ નૃત્યાંગના ઋષ્યેન્દ્ર મણિ નથી, એવી શંકા પણ આવી નહીં.

શ્રી સત્યનારાયણે જ્યારે અવતાર ધારણ કરીને 'હું સાઇબાબા ' છું એવું જાહેર કર્યું તેમજ બધાને તે જણાવ્યું ત્યારપછી જે ઉત્સવો પુટ્ટપર્તિમાં થવા લાગ્યા, તેમાં નવરાત્રીમાં જે રથયાત્રા નીકળતી, તે વખતે ભગવાન બાબાનું રૂપ અતિશય સુંદર અને દિવ્ય લાગતું. આ પહેલાં જ્યારે રામનવમીની રથયાત્રા નીકળતી, ત્યારે ' બાળ સત્યા'ને તેના બાળમિત્રો સાથે શ્રીરામ બનાવીને ગાડીમાં બેસાડતા, તે તેના સુંદર રૂપ અને ગુણોને લીધે જ.

પરંતુ, નવરાત્રી ઉત્સવનું સ્વામીનું રૂપ અલૌકિક જ દેખાતું હતું. ૧૯૪૬ની નવરાત્રીમાં સર્વપ્રથમ સ્વામીની સવારી પાલખીમાં કાઢવાનું ભક્તોએ નક્કી કર્યું ત્યારે સ્વામીએ તેમની ઇચ્છા પૂરી કરી. તે વખતે ઉપસ્થિત રહેવાવાળા ભક્તોને દરરોજ મદુરાઈની મીનાક્ષી, કાશીની વિશાલાક્ષી, કાંચીની

કામાક્ષી એવા અનુપમ સૌંદર્યનું દર્શન સ્વામીમાં થતું. ક્યારેક તે શિવશક્તિના રૂપમાં દેખાતા. આવા દર્શનનો લાભ જેમને મળ્યો, તે ખરેખર જ ધન્ય છે.

પરમેશ્વરના સુંદર રૂપનું ગુણગાન કરવાની ભક્તોની પરંપરા પહેલાથી જ ચાલતી આવી છે. ઋષિમુનિઓએ આ સૌદર્ય ગુણગાન અનેક વાર કર્યું છે. પ્રભુ રામચંદ્રના રૂપનું વર્ણન કરતી વખતે બુધ કૌશિક ઋષિ કહે છે.

ધ્યાયેડેજાનુબાહુઃ ધૃતશરમધનુષ્યમ બદ્ધપદ્માસનસ્થં |
પીતં વાસો વસાનમ નવકમલદલસ્પર્ધીનેત્રમ પ્રસન્નમ ||
વામમકારૂઢસીતા મુખકમલમિલલ્લચનં નિર્દાબમ |
નાનાલંકારકદીપ્તામ દધતમુરુજટા મણ્ડનમ ||

અર્થાત : ઢીંચણ સુધીના હાથવાળા, હાથમાં ધનુષ્યબાણ લીધેલા, બદ્ધપદ્માસનમાં બેઠેલા, પીતાંબર ધારણ કરેલા, હમણાં જ ખીલેલા કમળની પાંખડીઓ સાથે સ્પર્ધા કરનારા નેત્રવાળા, જે પ્રસન્ન થઈને, જેની દષ્ટિ ડાબા પગ પર બેસેલી સીતાના મુખકમળ પર સ્થિર છે, જલપરિપૂર્ણ મેઘ પ્રમાણે કાંતિવાળા તેમજ અનેકવિધ અલંકારોથી શોભાયમાન થઈને જેણે મસ્તક પરની જટા ધારણ કરી છે એવા શ્રી પ્રભુ રામચંદ્રનું ધ્યાન કરવું.

પાંડુરંગના રૂપનું વર્ણન કરતાં સંત કહે છે -
પાંડુરંગ કાંતિ દિવ્ય તેજ ચમકતી, રત્નકિરણ ફેંકતી પ્રભા!
અગણિત લાવણ્ય તેજ ફેલાવતી ન વર્ણવે તેની શોભા ||

આવી રીતે પરમેશ્વરના સૌંદર્યના અગણિત વર્ણનો ભક્તોએ કર્યા છે.

શિરડી સાઈનાથની કાકડ આરતીમાં પણ વર્ણન કર્યું છે.
'કાકડ આરતી કરું છું સાઈનાથ દેવા, ' ચિન્મયરૂપ ' બતાવો લઈને બાળકની! લઘુસેવા '.
જ્યારે શ્રી સત્યસાઈ સુપ્રભાતમાં પણ કહ્યું છે-

દેશાંતરગતબુધાસ્તવ દિવ્યમૂર્તિ |
સંદર્શનાંભિરતિ સંયુક્ત ચિત્તવૃત્યા||.

અર્થાત્-દેશ પરદેરાથી શિક્ષિત જન આપના દર્શન માટે આવ્યા છે, તેમને આપના દૈવી શરીરનું દર્શન લેવાની ઘણી ઉત્કંઠા છે. એવું વર્ણન કર્યું છે. એટલું જ નહી, પણ ભક્તોએ ભગવાન બાબાને વિવિધ દેવતાના રૂપમાં જોતા તેમના સૌંદર્યનું વર્ણન આવું કર્યું છે. શ્રીકૃષ્ણ રૂપ-સુંદર શામ મુરારિ સાઈ

ગોપાલા શ્રીહરિ અથવા દેવી સ્વરૂપ-સુંદર વદની સુગુણ મનોહારી મંદહાસ્ય શશિવદની, ચંદનકુમકુમ અલંકૃત વદની, સાઈ મહેશ્વરી રાજરાજેશ્વરી.

એવા આ ભગવાનના સુંદર રૂપનું વર્ણન કરતી વખતે ભક્તોને આનંદ તો થાય છે જ, પરંતુ ' સાઈ દર્શન ' મેં " દિવ્ય અમૃત" એવી અવસ્થા થાય છે.

આ સુંદર રૂપનાં દર્શનથી શું થાય છે? સ્વામીએ પોતે જ ભક્તોને દર્શન કેવી રીતે લેવું, તે બાબતે કહ્યું છે. સ્વામી જે વખતે દર્શન માટે આવે છે, તે વખતે મંદ એવું જે સંગીત શરૂ થાય છે, ત્યારે ભક્તોએ પોતાનું ચિત્ત સ્વામીના તે રૂપ તરફ એકાગ્ર કરીને દર્શન લેવાનું હોય છે. દર્શન આપ્યા પછી સ્વામી પાછા જાય ત્યાં સુધી કોઈએ જગ્યા પરથી ઊઠી જવું યોગ્ય નથી કારણ કે સ્વામીના દિવ્યદેહમાંથી આપણને જે એક શક્તિ મળતી હોય છે, તે મળવાથી આપણે વંચિત ન રહીએ.

ભગવાનના સુંદર રૂપનું દર્શન લેવું, આ એક આંતરિક અનુભવ છે. એક મહાન વૈજ્ઞાનિક ડૉ. ફર્ક બેરાનોરકીએ કિલિયન કેમેરાથી લીધેલા સ્વામીના ફોટામાં સ્વામીની આસપાસ સફેદ, ગુલાબી, ભૂરા, સોનેરી તેમજ રૂપેરી રંગના શક્તિના પટ્ટાની દિવ્ય અને ભવ્ય પ્રભા (આભા) દેખાતી હતી. ડૉ. બેરાનોસ્કી આ પ્રભા (આભા) જોઈને અવાક્ થઈ ગયા હતા કારણ કે આવી પ્રભા (આભા) તેમણે કોઈની જ આસપાસ જોઈ નહોતી. આનો અર્થ શ્રી સત્ય સાઈનું દર્શન ભક્તોને પ્રેમ, શાંતિ અને આનંદના કિરણોમાં નવડાવે છે અને ભક્તોના આત્મામાંથી પણ તેવો જ પ્રકાશ નિર્માણ થાય છે.

‘દર્શનમ્ પાપનાશનમ્ એવું જે વર્ણન છે, તે શ્રી સત્ય સાઈના સુંદર રૂપના સંદર્ભમાં અત્યંત યોગ્ય જ છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||